# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## <u>સુધારા જાહેરાત</u>

## <u>(જાહેરાત ક્રમાંક: ૧૯૨/૨૦૨૦૨૧ )</u>

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સચિવાલયના વિવિધ વહીવટી વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ હસ્તકના જુદા જુદા સંવર્ગોની વર્ગ-૩ ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની તા. ૨૦/૦૧/૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ સંયુકત જા.ક્ર. ૧૯૧/૨૦૨૦૨૧ થી ૧૯૭/૨૦૨૦૨૧ પૈકીની નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની **અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક)** સંવર્ગ માટેની **જા.ક્ર. ૧૯૨/૨૦૨૦૨૧ માં કુલ ૩૭ જગ્યાઓ** દર્શાવવામાં આવેલ હતી. ઉકત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ સંદર્ભે બંદરો અને વાહન વ્યવહાર વિભાગના નિયંત્રણ હેઠળના ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તકની અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક) વર્ગ-૩ ની ૧૬ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેના માંગણાપત્રક ઉકત વિભાગ તરફથી મળેલ છે. જે અનુસાર અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક) વર્ગ-૩ ની સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓમાં વધારો થયેલ છે. તેથી તા. ૨૦/૦૧/૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ ઉકત સંયુકત જાહેરાતના પૃષ્ઠ ૨ - ૫૨ દર્શાવેલ જા.ક્ર. ૧૯૨/૨૦૨૦૨૧ ની જગ્યાઓમાં વધારો થયેલ છે. જે અનુસાર નીચે દર્શાવ્યા મુજબની જગ્યાઓ સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવાની રહેશે.

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ ખાતાની વડાની કચેરીનુંનામ | સંવર્ગનું નામ | સામાન્ય વર્ગ | | આર્થિક રીતે નબળા વર્ગ | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જન જાતિ | | સા.શૈ.પ. વર્ગ | | કુલ | માજી સૈનિક | શારિરીક અશક્ત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | | |
| ૧૯૨/ ૨૦૨૦૨૧ | નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક) | ૧૨ | ૦૪ | ૦૩ | -- | ૦૨ | -- | ૦૫ | ૦૧ | ૦૭ | ૦૩ | ૩૭ | ૦૩ | <u>૦૧</u> **Ortho** |
| | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ /ગુજરાત મેરીટાઇમ બોર્ડ, ગાંધીનગર | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક) | ૦૬ | ૦૨ | ૦૨ | - | - | - | ૦૧ | - | ૦૪ | ૦૧ | ૧૬ | ૦૧ | - |
| **કુલ જગ્યાઓ** | | | ૧૮ | ૦૬ | ૦૫ | - | ૦૨ | - | ૦૬ | ૦૧ | ૧૧ | ૦૪ | ૫૩ | ૦૪ | ૦૧ |

**નોંધઃ- (૧) ઉપર દર્શાવ્યા મુજબ હવે જા.ક્ર. ૧૯૨/૨૦૨૦૨૧ માટે કુલ- ૫૩ જગ્યાઓ માટે ૫૩ ઉમેદવારોની પસંદગી યાદી અને તે જગ્યાના ૨૦ ટકા પ્રમાણેના ઉમેદવારોની પ્રતિક્ષા યાદી બનાવવામાં આવશે. અને આ જગ્યાઓ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (૩૭**

જગ્યાઓ) અને ગુજરત મેરીટાઇમ બોર્ડ, ગાંધીનગર ની કચેરી માટેની (૧૬ જગ્યાઓ) હોવાથી તે માટે પસંદગી / પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારોની યાદીમાં સમાવિષ્ઠ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારો પાસેથી ઉકત બંને કચેરીઓ પૈકી તેઓ પસંદગી માટે કોને પ્રાધાન્ય આપે છે તે માટેનો પસંદગીનો વિકલ્પ મેળવવામાં આવશે. અને તે પસંદગીનો વિકલ્પ અને ઉમેદવારોએ બંને પરીક્ષામાં મેળવેલ એકત્રિત ગુણના મેરીટસ તેમજ કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાઓની વિગતો ધ્યાને લઇ પસંદગી/ પ્રતિક્ષા યાદી અને આખરી પરિણામ તૈયાર કરવામાં આવશે.

(૨) ગુજરાત મેરીટાઇમ બોર્ડ, ગાંધીનગરની કચેરી માટેની ઉકત કુલ- ૧૬ જગ્યાઓ એ રાજય સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના નિયંત્રણ હેઠળના બોર્ડ માટેની હોવાથી તે જગ્યાઓ ઉપર પસંદગી પામેલ ઉમેદવાર ગુજરાત મેરીટાઇમ બોર્ડના કર્મચારી ગણાશે. તેઓ રાજય સરકારના કર્મચારી ગણાશે નહિં. જેની નોંધ લેવા વિનંતી.

ઉકત સંવર્ગની જાહેરાત અન્વયે જગ્યાઓમાં થયેલ સુધારા સિવાયની અન્ય તમામ બાબતો તા. ૨૦/ ૦૧/ ૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની યથાવત રહેશે.

સ્થળઃ- ગાંધીનગર
તારીખ- ૦૧/૦૩/૨૦૨૧

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર